## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



ના સાહેબ, બજેટમાં નવા બૂટનાં ભાવ ઘટ્યા છે... ખાલી દોરીનાં ભાવમાં તો વધારો જ થયો છે...!!

# ટેક્સ ભરપાઈ કર્યા વિના ફરતા છ ટ્રેલરો આર.ટી.ઓ.એ જપ્ત કર્યા

### ઓવરલોડ વાહનોને જપ્ત કરવા આર.ટી.ઓ.ની ઝુંબેશ : ટેક્સ ભર્યા વિના બેફામ દોડતા ટ્રેલરોને જિલ્લામાં પ્રવેશ ન આપવા આર.ટી.ઓ.ની સુચના

ગાંધીનગર તા ૪

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાંથી પસાર થતા ઓવરલોડેડ વાહનોને અનુલક્ષીને આર ટી ઓ તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી આર ટી ઓ કક્ષાએથી હાથ ધરાયેલી આ આકસ્મિક તપાસ દરમિયાન રોડ ટેક્સ ભરપાઈ કર્યા વિના ઘણાં સમયથી ફરતા છ ટ્રેલરો જપ્ત કરી રૂ ૨.૧૦ લાખનો ટેક્સ વસુલ કર્યોહતો.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં રોડ ટેક્સ ભર્યા વિના ફરતા વાહનોને અનુલક્ષી આર ટી ઓના અધિકારીઓ દ્વારા વિશેષ વાહન ચેકીંગ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ જેમાં ટ્રાન્સપાર્ટ વાહનો ટેક્સ ભર્યા વિના જ ફરતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ ટ્રાન્સપોર્ટ વાહનોએ નિયમિત ટેક્સ ચુકવાનો હોય છે. આમ છતા ગાંધીનગરમાં જ ઘણાં વાહનો ટેક્સ ચુકવ્યા વિના જ ફરતા હોવાથી આર ટી ઓ કચેરી દ્વારા આવા વાહનોને જપ્ત કરી દંડ વસુલી કરવા માટે અભિયાન હાથ ધર્યુ હતુ. ટેક્સ ભર્યા વિના બેફામ ફરતા આવા વાહનોને અંકુશમાં લેવા માટે આર ટી ઓ અધિકારીઓએ આકસ્મિક ચેકીંગ હાથ ધર્યુ હતુ. આર ટી ઓ એમ આર ગજ્જર વાહન ઈન્સપેકટર એસ જે રતનધાયરા અને એન આર પટેલ સાથે આકસ્મિક ચેકીંગ કર્યુ હતુ. જે દરમિયાન છ જેટલા ટ્રેલર વાહનો કે જેમને ટેક્સી ભરપાઈ કરી ન હતી અને ઓવરલોડેડ હતા જયારે આ ટ્રેલરોને જપ્ત કર્યા હતા જયારે આ ડીટેઈન કરેલા ટ્રેલર માલિકો પાસેથી ૨.૧૦ લાખનો રોડ ટેક્સ પણ આર ટી ઓ કચેરી દ્વારા વસુલવામાં આવ્યો હતો આગામી દિવસોમાં ટેક્સ ચોરી કરતા વાહન માલિકો પાસેથી પણ દંડ વસુલી આકરા પગલા લેવાશે. જયારે જે વાહનોનો ટેક્સ બાકી હશે અને માર્ગ પર દોડતા હશે તેને પણ જપ્ત કરી લેવાશે. આ સાથે જિલ્લાના મોટા ટ્રાન્સપોર્ટ હબ ખોડિયાર ડેપોમાં રોડ ટેક્સ ભરેલા ન હોય તેવા વાહનોને પ્રવેશ ન આપવા માટે પણ ગાંધીનગર એ આર ટી ઓ એ સુચના આપી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં હવે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ માટે રસીનો બીજો જથ્થો કોવિકસનનો આવી પહોંચ્યો છે. આ રસી ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે નિમાયેલ નિરીક્ષકે આજે ચૂંટણી અધિકારીઓ સાથે તૈયારીઓની સમીક્ષા બેઠક રાખી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે બજેટ બેઠકમાં મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવીચારણે હાજરી આપી હતી.
- મ્યુનિ. કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણે આજે ઘ રોડ પર બની રહેલ અન્ડરપાસ તેમજ સે. ૧૭માં આકાર પામી રહેલ નવીન કચેરીના બાંધકામ સ્થળની મુલાકાત લીધી હતી.
- મહાનગરોની ચૂંટણી માટે ભાજપની યાદી જાહેર થયા બાદ ઘણા ટિકિટ વાંચ્છુઓ આજે છેલ્લા પ્રયત્ન માટે ગાંધીનગર પણ આવી પહોંચ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ગતિ નિયંત્રણ ધારાનો અમલ કડક રીતે થવો જોઈએ તેવી માંગ નગરજનોમાં ઉઠી છે.
- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.

# ઈલેકટ્રોથર્મ કંપનીમાં આઈશર ટ્રકમાંથી ૩૩ લાખનો દારૂ ઝડપાયો

### સાંતેજ પોલીસે ૨૨૦ થી વધુ બ્રાન્ડની ૮૯૮ બોટલ કબ્જે કરી, શૈલેષ ભંવરલાલ ભંડારી સામે ફરીયાદ, કંપનીના નામ લખેલા ૫૧ ખાખી બોકસોમાંથી દારૂની બોટલો નીકળી

ગાંધીનગર, તા.૪

ઈલેકટ્રોથર્મ કંપનીના પાર્કિંગ શેડમાંથી કંપનીના આઈશર ટ્રકમાંથી જીએસટીને લગતા જરુરી દસ્તાવેજ ભરેલા બોકસોની સાથે કંપનીનું નામ લખેલા ખાખી કલરના ૫૧ બોકસોમાંથી સાંતેજ પોલીસે મોટીમાત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રકમાં રહેલા બોકસમાંથી ૨૨૦ થી વધુ બ્રાન્ડની ૮૯૮ બોટલ ઝડપી પાડી છે. ત્યારે ઈલેકટ્રોથર્મ કંપનીમાંથી વિદેશી દારૂ ઝડપાતા હાહાકાર મચી ગયો છે. પોલીસે રૂ. ૩૩ લાખના વિદેશી દારૂ સાથે કંપનીના માલિક શૈલેષ ભવરલાલ ભંડારી સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પલોડીયા ગામે આવેલી ઈલેકટ્રોથર્મ કંપની ખાતે જીએસટી અમદાવાદ વિભાગે રેઈડ પાડી હતી. આ સમયે કંપનીના પાર્કિંગ કમ વુડન પેકીંગ એરીયામાંથી એક આઈશર ટ્રક નં.જી.જે.૧૮.યુ.૮૫૯૩ મળી આવ્યો હતો. જેમાં કંપનીના બોક્ષ માં જરુરી કાગળો ભરેલા હતા. ત્યારે આ કંપનીના ૫૧ ખાખી બોકસમાંથી વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં દેશ વિદેશની વિવિધ ૨૨૦ બ્રાન્ડની ૮૯૮ બોટલ મળી આવી હતી. આ વિદેશી દારુની કિં.૩૩,૭૬,૦૧૬ થવા પામે છે. પોલીસે આ સાથે કંપનીના માલિક શૈલેષ ભવરલાલ ભંડારી ( મુળ રહે.જયંતિલાલ પાર્ક બંગલા નં.૧૨૯-૧૩૦ આંબલી બોપલ, હાલ વ્રજગોપી બંગ્લોઝ બંગલા નં.૮ ઈલેકટ્રોથર્મની બાજુમાં)સામે સાંતેજ પોલીસ મથકે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધાયો છે. જયારે આઈસર ટ્રકમાંથી દસ્તાવેજ ભરેલા બોકસ પણ હોવાને પગલે આઈશર ટ્રકને જીએસટી વિભાગને તપાસ માટે સોંપાયો છે. જીએસટી વિભાગ દ્વારા કંપનીની બાજુમાં આવેલા બંગ્લોઝ ખાતે પણ સર્ચ ઓપરેશન કરાયું હતું. જેમાં બંગ્લોઝ ખાતેથી પણ વિદેશી દારુની ૩૨ બોટલ મળી આવી હતી. જયારે સાંતેજ પોલીસે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ઈલેકટ્રોથર્મ કંપની યો બાઈક બનાવે છે, તે ઉપરાંત સ્ટીલના સળીયા તેમજ અન્ય સ્ટીલ પ્રોડકટ્સનું મોટાપાયે મેન્યુફેકચરીંગ, ટ્રેડીંગ કરતી કંપની છે. ઈલેકટ્રોથર્મ કંપનીમાંથી કંપનીના આઈશર ટ્રકમાંથી વિદેશી દારૂ ઝડપાતા હડકંપ મચી ગયો છે.

#### માત્ર ૧૦ ટકા જ ગુજરાતની આસપાસના રાજયનો દારૂ જોવા મળ્યો

પલોડીયા ખાતે આવેલી ઈલેકટ્રોથર્મ કંપનીના પાર્કિંગ કમ વુડન પેકિંગ એરીયા માંથી કંપનીની આઈશર ટ્રકમાં જીએસટીની રેઈડ દરમિયાન દારૂ મળી આવતા આ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસે ઈલેકટ્રોથર્મ કંપનીની આઈશર ગાડીમાં રહેલા ખાખી બોકસને ખોલીને તપાસ કરતા મળી આવેલ દારૂની બોટલો પૈકીની ૯૦ ટકા દારૂની બોટલો વિદેશી બનાવટની છે જે પ્રથમવાર જ આવી બનાવટનો વિદેશી દારૂ જોવા મળ્યો છે. જયારે ૧૦ ટકા જ દારૂની બોટલો ગુજરાત ની આસપાસના રાજયની બનાવટનો જોવા મળ્યો છે.

#### ૨૫૦ બોટલ એવી મળી છે, જે એક જ બ્રાન્ડની એક કે બે બોટલ માત્ર હોય

પલોડીયા સ્થિત ઈલેકટ્રોથર્મ કંપની ખાતે આઈશર ટ્રકમાંથી મળી આવેલા ૫૧ ખોખામાંથી ૮૯૮ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો છે. જે ૨૨૦ થી વધુ વિવિધ વિદેશી બ્રાન્ડની બોટલ પોલીસને મળી છે. જેમાંથી સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અંદાજીત ૨૫૦ બોટલ એવી મળી આવી છે, જે એક જ બ્રાન્ડની એક કે બે બોટલ માત્ર છે.



ગાંધીનગરમાં પાણી વિતરણ માટે ઠેર ઠેર પાઈપલાઈન બિછાવવામાં આવી છે. પરંતુ તેનું યોગ્ય મેન્ટેનન્સ થતું ન હોવાથી ઘણા સ્થળોએ વાલ્વ લીકેજ થાય છે. સેકટર-૬માં ધારાસભ્યોના મકાનની સામે જ વાલ્વમાં લીકેજ હોવાથી હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે.

# ચ-માર્ગ પર કોરોના મિસાઈલ દોરનાર ચિત્રકારનું વિશ્વ વિક્રમી પરફોર્મન્સ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના 'ચ' માર્ગ પર કોરોના કાળ દરમ્યાન ભારતનું સૌથી લાંબુ ચિત્ર દોરનાર પેઈન્ટર નાગરભાઈ પ્રજાપતિએ હવે અમદાવાદમાં ગાંધી નિર્માણ દિન તા. ૩૦મી જાન્યુઆરીએ મહાત્મા ગાંધીને સૌથી વધુ આર્ટિસ્ટ દ્વારા લાઈવ સોશ્યલ મિડીયા સાથે પૂ. બાપુનું ચિત્ર દોરવાના ''વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા''માં પણ ભાગ લઈને પરફોર્મન્સ આપ્યુ હતુ. અમદાવાદની સંસ્થા રંગસાગર પરફોર્મિંગ આર્ટસ દ્વારા ડૉ. હિરેન્સ મિનિટોરિયમ ખાતે આયોજિત બે હજારથી વધુ વિવિધ કલાકારો દ્વારા સંગીત, નૃત્ય, ગાયકી, ચિત્રકળા, યોગ વગેરે થકી રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીપ્રિય ભજનો ''વૈષ્ણવજન તો તેને રે કહીએ'' અને ''રઘુપતિ રાઘવ રાજા રામ''ની ધૂન સાથે પૂ. બાપુનું ચિત્ર દોરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમનો ''વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા'' દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યુ છે. આ વિશ્વવિક્રમમમાં ભાગીદાર બનનાર નાગરભાઈ પ્રજાપતિ ગાંધીનગર આઈટીઆઈના ''પેઈન્ટર ટ્રેડ''ના તાલીમાર્થી છે. આઈટીઆઈના વડા એન.એ. પટેલ તથા પેઈન્ટર ટ્રેડના ઈન્સ્ટ્રકટર રાજુભાઈ શ્રીમાળી દ્વારા નાગરભાઈને અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.



## બીબીએ કોલેજમાં 'લીડરશિપ' વિષયે વર્કશોપ યોજાયો

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની બી.પી. કોલેજ ઓફ બીબીએના પ્રથમ અને દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમના ભાગરૂપે 'લીડરશિપ ફોર ફયુચર લીડર્સ' વિષયે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના જણાવ્યા અનુસાર ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ વર્કશોપમાં નાણાંકીય વ્યવસ્થા ક્ષેત્રે કોચ તરીકે કાર્યરત પાર્થ પાઠકે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયુંહતું તથા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ મહત્વની સમજ પુરી પાડી હતી. વર્કશોપમાં વિદ્યાર્થીઓએ પોતાની જીજ્ઞાસા અનુસાર પ્રશ્નો પણ પૂછ્યા હતા જેને વકતા દ્વારા વૈજ્ઞાનિક અભિગમ સાથે જવાબ આપવામાં આવ્યો હતો.

## આદર્શ નિવાસી શાળા ખાતે રોટરી ક્લબ ઓફ કેપીટલનો કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આજે વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે શહેરની રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા સેક્ટર-૮ની આદર્શ નિવાસી શાળા ખાતે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કેન્સર અંગે જાણકારી ડૉ. એકતા વાલા દ્વારા પુરી પાડવામાં આવી હતી. જ્યારે સંસ્થાના પ્રમુખ ઈલાબેન વોરા દ્વારા તંદુરસ્ત જીવનશૈલીનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. આ જાગૃત સંસ્થાના સચિવ હસમુખ મેકવાન દ્વારા આયોજન અંગે સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો ઉપરાંત બંને નિવાસી શાળાઓના આચાર્યો સહિત કર્મચારીગણે હાજરી આપી હતી. કાર્યક્રમના સમાપને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.



### કુડાસણમાં કેન્સર અવેરનેસ કાર્યક્રમ

કુડાસણમાં ડૉ. જિજ્ઞા ભટ્ટાચાર્ય, મનોચિકિત્સક શ્રીમતી દીપીકા બિયાની અને કેન્સર સામે લડત આપીને વિજેતા બનેલા શ્રીમતી ઈલાબેન વોરા દ્વારા સંચાલિત 'સંભાળ' કેન્સર સપોર્ટ ગ્રુપ દ્વારા મેયરશ્રી રીટાબેન પટેલની અધ્યક્ષતામાં કેન્સર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. સંસ્થા દ્વારા આ પ્રકારની આપવામાં આવતી નિઃશુલ્ક સેવાને મેયરશ્રી દ્વારા બિરદાવવામાં આવી હતી. આ તકે નિષ્ણાતો દ્વારા મહિલાઓ સહિત ઉપસ્થિતોને કેન્સર એટલે કેન્સલ નહીં એ સુત્ર સમજાવવામાં આવ્યુ હતું. મેયરશ્રી દ્વારા પણ કેન્સર સામે હાર નહીં માનવા અને ઉપલબ્ધ અત્યાધુનિક સારવાર સાથે હિંમતભેર આ રોગનો સામનો કરીને વિજેતા બનવાની શીખ આપી હતી.

## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં મોતીભાઈ અમીનની પુણ્યતિથિની ઉજવણી

ગાંધીનગર, તા. ૪

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરામાં સ્વર્ગસ્થ સયાજીરાવ ગાયકવાડના શિક્ષણ અને પુસ્તકાલયના પ્રચારને યોગ્ય દિશા આપનાર, શ્રીમંત મહારાજે આપેલું સૂત્ર 'પુસ્તકાલય એ લોકોનું વિશ્વ વિદ્યાલય છે'' તેનો વિશાળ અર્થ ગામે ગામ કરી બતાવ્યો તેવા પુસ્તકાલય પ્રવૃતિનાં પિતામહ મોતીભાઈ અમીનની ૧લી ફેબ્રુઆરીએ પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સ્વરૂપે તેમના જીવનની ઝાંખી કરાવી આપનાર ગ્રંથપાલ જગદીશ પરીખે સરદાર ઉપાસના મંદિરમાં પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચન પ્રવૃતિનું બીજ રોપય અને તેમનું ઘડતર થાય તે આશય સાથેનો સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## ડભોડા વિસ્તારમાં ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પયાત્રાનું સ્વાગત

ચિલોડા, તા. ૪

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા શ્રી જગતજનની ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પયાત્રા સાંસ્કૃતિક કમિટી કન્વીનર અને કલાકાર સાગર પટેલ દ્વારા ઉમિયા દર્શન પરિક્રમા સંકલ્પયાત્રાનું ગાંધીનગર તાલુકાના લવારપુર-તોત્રી જયમાતાના મંદિરે, ડભોડા હનુમાનદાદા મંદિરે, શાહપુર મહાકાલી માતાજીના મંદિરે ચિલોડા બહુચર-માતાજીના મંદિરે, ઉમિયાનગર સોસાયટી, મજરા, ભૈરવનાથ મંદિરે તથા ઘડકણ ગામે સાંજે ઉમિયા મંદિરે આ સંકલ્પયાત્રાનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

### આજે ''વિજય મુર્હુત'' ૧૨:૩૯ કલાકે જે તે મહાનગરના

# શહેર કાર્યાલયથી પસંદગી પામેલા ઉમેદવારો ઉમેદવારી પત્રક નોંધાવવા જશે

ગાંધીનગર, તા. ૪

પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ'' ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યુ કે ૬ મહાનગરપાલિકા માટેની ૫૭૬ બેઠકો માટે લોકશાહી પધ્ધતિ, પારદર્શકતા અને શિસ્તબદ્ધ રીતે ઉમેદવારોની ચયન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રદેશ સંગઠન દ્વારા નિમાયેલ નિરીક્ષકોએ દરેક મહાનગરપાલિકામાં કાર્યકર્તાઓ, આગેવાનો અને સંગઠનનો સેન્સ લઈ ત્રણ-ત્રણ ઉમેદવારોની પેનલો બનાવી હતી. દરેક વોર્ડમાં આવેલ ઉમેદવારી માટેના સરેરાશ ૫૦ થી ૬૦ ફોર્મની વિષદ છણાવટ કરી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને જરૂર જણાતાં ઉમેદવારની વધુ માહિતી પણ મંગાવવામાં આવી હતી અને ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવી છે. ભાજપા જેવી ઉમેદવારોની લોકશાહી પદ્ધતિ દ્વારા ચયન પ્રક્રિયા અન્ય કોઈ રાજકીય પાર્ટીમાં નથી.

પાટીલે જણાવ્યું કે આજે સાંજ સુધી તબક્કાવાર મહાનગરપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે અને આવતીકાલે ૫ મી ફેબ્રુઆરીએ ''વિજય મુર્હુત'' ૧૨:૩૯ કલાકે જે તે મહાનગરના શહેર કાર્યાલયથી પસંદગી પામેલા ઉમેદવારો ઉમેદવારી પત્રક નોંધાવવા જશે.

પાટીલે પાર્લામેન્ટરી બોર્ડમાં લેવાયેલ નિર્ણયો પર પ્રકાશ પાડતા જણાવ્યુ કે નિર્ણયો જેવા કે ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય તેવા કાર્યકર્તાઓ ઉમેદવારી કરી શકે નહી, જેમની આ વખતે કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે ૩ ટર્મ પૂર્ણ થઈ હશે તથા પૂર્વ મેયર દાવેદારી કરી શકશે નહી.

# જીંદગી ટુંકાવવા નિકળેલા યુવાનને મિત્રોએ બચાવી લીધો..!!

### વ્યક્તિના જીવનમાં સાચા મિત્રોની સોગાદ છે તેના માટે તો મોત તરફ ડગલું ભરવું પણ બેકાર છે.

ગાંધીનગર, તા. ૪

''માન્યુ કે જીવન એક જંજાળ છે,
પણ મોત થોડો એનો ઉપાય છે,
જીવ હશે તો જંજાળ પણ ભેદાશે
એટલું સમજી લેવામાં સાન છે''

આજના હરિફાઈ અને ઝડપી યુગમાં અનેકવાર એવી સ્થિતિ સર્જાય છે કે માનવી નાસીપાસ થઈને જીવનથી છુટકારો ઈચ્છે છે પરંતુ ક્ષણભરનો આ નિરાશાજનક આવેગ સંભાળી લઈએ તો પછી એ જ જીવન ફરી નંદનવન બનતા વાર નથી લાગતી, અને જે વ્યક્તિના જીવનમાં સાચા મિત્રોની સોગાદ છે તેના માટે તો મોત તરફ ડગલું ભરવું પણ બેકાર છે. આ વાત આજે ગાંધીનગરમાં બનેલા એક અત્યંત લાગણીશીલ કિસ્સામાં સાચી પડી હતી જ્યારે એક યુવાન જીંદગીની જંજાળથી અકળાઈને મૃત્યુમાં મુક્તિનો વિકલ્પ શોધવા નીકળી પડ્યો હતો પરંતુ તેને મળેલા સો ટચના સોના જેવા મિત્રોએ તેના જીવનને અંધકાર માર્ગે ધકેલાતુ અટકાવી તેનામાં નવા જોમ અને વિશ્વાસનો સંચાર કર્યો છે, હવે આ યુવાન જીંદગીના દરેક મોરચે અડીખમ ઉભો રહી લડી લેવા તૈયાર છે.

ઘટનાની વિગત એવી છે કે એક સરકારી કચેરીમાં કાર્યરત યુવાને પોતાની જીંદગીની કેટલીક ઘટમાળથી ક્ષણભર માટે કંટાળીને જીવનનો અંત આણવાનો નિશ્ચય કર્યો અને પોતાના સોશ્યલ મિડીયાના સ્ટેટસ પર મિત્રોને આખરી અલવિદા કહેતી અને પ્રભુને પરિવારનું ધ્યાન રાખવાની પ્રાર્થના કરતી સ્ટોરી અપલોડ કરી હતી. આ પછી તે પોતાનો મોબાઈલ સ્વીચઓફ કરીને ચાલી નીકળ્યો હતો. બીજી તરફ તેના એક મિત્રએ આ સ્ટેટસ સ્ટોરી જોઈ અને ચોંકી ઉઠ્યો હતો. તેણે તુરંત પોતાના મિત્રોને જાણ કરતાં બધા મિત્રોએ પેલા યુવાનની શોધખોળ આદરી હતી અને શહેરના વિવિધ વિસ્તાર ખૂંદી નાંખ્યા હતા. આ સાથે મિત્રોએ પોલીસને પણ સમગ્ર વાતની જાણ કરતાં પોલીસે પણ સહયોગ આપ્યો હતો અને તુરંત જ શહેરની આસપાસની તમામ કેનાલ પર વૉચ ગોઠવી દેવામાં આવી હતી. આ સાથે સીસીટીવી કુટેજ ચેક કરવાનું શરૂ કરી દેવામાં આવ્યુ હતુ. આશરે ચાર-પાંચ કલાકની જહેમતના અંતે પેલો યુવાન ગાંધીનગરથી આશરે ૩૫ કિ.મી. દૂરના એક સ્થળેથી એક મિત્રને મળી આવ્યો હતો જેની જાણ અન્ય મિત્રોને કરતાં તમામ મિત્રો ત્યાં પહોંચી ગયા હતા અને તેને સમજાવી, હિંમત અને હૈયાધારણ આપી ઘરે લઈ આવ્યા હતા. મિત્રોની સમજાવટ અને સાચા સાથને નિહાળવા ઉપરાંત નબળી ક્ષણ પસાર થઈ ગયાં પછી પેલા યુવકને પણ પોતે કરવા જઈ રહેલ 'ભૂલ' અંગે જ્ઞાન થયુ હતુ અને અંતે તેણે મિત્રોનો આભાર માનતા ફરી એ માર્ગે નહીં જવાનો નિશ્ચય કર્યો હતો.



### માણસાની યોગી લાયબ્રેરી દ્વારા સુલેખન સ્પર્ધા યોજાઇ

રાષ્ટ્રીય પર્વ પ્રજાસતાક દિનની ઉજવણી પ્રસંગે માણસાની યોગી લાઈબ્રેરી દ્વારા સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સમાજનાં નાના બાળકો, યુવાનો અને વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઓનલાઈન યોજાયેલ આ સ્પર્ધામાં દેવડા ગામના નરેશભાઈ જશવંતભાઈને પ્રથમ નંબરે વિજેતા જાહેર કરાયાં હતા. સુલેખન સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સમાજના સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ સ્વરૂપે ઓનલાઈન બેંક ખાતામાં ઈનામની રકમ મોકલવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રથમ પાંચ વિજેતાઓને રાંધેજાના વકીલ વિષ્ણુભાઈ તરફથી ભેટ સ્વરૂપે સ્કુલબેગ આપવામાં આવી હતી.